# જુનાગઢનાં મહે. કામદાર વળતર ધારાનાં કમિશ્નરશ્રી સમક્ષ,

# મુ.જુનાગઢ.

**વર્કમેન પરચુરણ અરજી નં.૦૧/૨૦૨૨ ઈન**
(વ.કો. ફેટલ કેસ નં.૧૨/૨૦૧૯)
**આંક: ૧૯**

**અરજદાર:-** ગુજરનાર મનસુખભાઈ નાથાભાઈ ચુડાસમાના વારસો તથા આશ્રીતો,
હીતેષ મનસુખભાઈ ચુડાસમા,
ઉ.વ.આ. ૨૪, ધંધો-મજુરી,
રહે. જુનાગઢ, ઠે. ઈન્દીરા નગર બિલખા રોડ,

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળાઓ:** ૧) ઉમરભાઈ અલ્લારખાભાઈ હાલા,
ઉ.વ.આ. ૫૮, ધંધો-કોન્ટ્રાકટર,
રહે. ચોબારી ઠે. મસ્જીદની પાછળ,
તા.જી. જુનાગઢ.

૨) કાન્તીભાઈ મોહનભાઈ દેસાઈ,
ઉ.વ.આ. ૪૩, ધંધો-ખેતી,
રહે. ઝાઝરડા, ઠે. જુના પ્લોટમાં,
જયનાગણશા પીરની દરગાહ પાસે,
તા.જી. જુનાગઢ.

**બાબત:-** વ.કો.એકટની ક.૩૧ મુજબ રીકવરી અરજી...

| | | |
|---|---|---|
| **અરજદાર તરફે** | : | વિ.વ.શ્રી ડી. એન. મુલચંદાણી. |
| **સામાવાળા નં.૧ તરફે** | : | વિ.વ.શ્રી એચ. એમ. હેસીયા. |
| **સામાવાળા નં.૨ તરફે** | : | જાતે |

**-:: હુ ક મ ::-**

**(૧)** અરજદારની હાલની આંક-૧ ની અરજીની ટુંકમા હકિકત એવી છે કે, તા.૧૨/૬/૧૯ ના સામાવાળા નં.૧-૨ ની પ્લાસ્ટર કામની ફરજ દરમ્યાન કામદાર મનસુખભાઈ નાથાભાઈ ચુડાસમાનુ મૃત્યુ થતા તેમના આશ્રીતો તથા વારસદારોએ ફેટલ વર્કમેન કેસ નં.૧૨/૧૯ દાખલ કરેલ હતો. આ કામમાં નામદાર કમિશ્નરે તા.૩૦/૧૧/૨૦૨૧ ના

રોજ ફેટલ વર્કમેન કેસ નં.૧૨/૧૯ માં આપેલ ઠરાવ મુજબ વળતરની રકમ રૂા.૬,૯૦,૦૮૦/– તેના ઉપર તા.૧૨/૭/૨૦૧૯ થી ૯% ના ચડત વ્યાજ તથા ખર્ચ સાથે અરજદારોને ચુકવવાનો સામાવાળા નં.૧–૨ સામે સંયુકત તથા વિભકત રીતે ચુકવવા હુકમ ફરમાવેલ છે. જેમા માસ એકમાં નામદાર કોર્ટમાં રકમ જમા કરાવવાનો હુકમ હોવા છતાં સામાવાળાઓ તરફથી આજ સુધી કોઈ રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવામાં આવેલ નથી. જેથી રૂા.૬,૯૦,૦૮૦/– જજમેન્ટ મુજબની રકમ, રૂા.૧,૭૦,૭૯૪/– તા.૧૨/૭/૧૯ થી તા.૧૧/૪/૨૦૨૨ સુધી ૯% લેખે વ્યાજ, રૂા.૬૯,૦૦૦/– ૧૦ ટકા પેનલ્ટીની રકમ, રૂા.૧,૦૦૦/– અપાવેલ ખર્ચ એમ કુલ રકમ રૂા.૯,૩૦,૮૭૪/– સામાવાળાઓએ જમા કરાવવાના થાય છે. જેથી અરજ કરેલ છે કે, સામાવાળા નં.૧ ઉમરભાઈ અલ્લારખાભાઈ હાલા, ઉ.વ.આ. ૫૮, ધંધો–કોન્ટ્રાકટર, રહે. ચોબારી ઠે.મસ્જીદની પાછળ, તા.જી.જુનાગઢ તથા સામાવાળા નં.ર કાન્તીભાઈ મોહનભાઈ દેસાઈ, ઉ.વ.આ. ૪૩, ધંધો–ખેતી, રહે. ઝાઝરડા રોડ, ઠે. જુના પ્લોટમાં, જયનાગણશા પીર ની દરગાહ પાસે, તા.જી.જુનાગઢ વાળા પાસેથી સંયુકત તથા વિભકત રીતે જજમેન્ટમાં જણાવ્યા મુજબની રકમ રૂા.૯,૩૦,૮૭૪/– નુ તેની સ્થાવર તથા જંગમ મિલ્કતોમાંથી વસુલ મેળવવા માટેનુ રીકવરી સર્ટીફીકેટ કાઢી જુનાગઢ કલેકટરશ્રીને રીકવરી માટે મોકલાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે અરજદારની આંક–૧ થી રજુ ઉપર મુજબની અરજી પરત્વે આ કામે સામાવાળા નં.૧–૨ ને નોટીસ ઈસ્યુ કરતા જે નિયમસર બજી જતા, સામાવાળા નં.૧ એ વકીલ રોકવા મુદત માંગતી અરજી રજુ કરેલ છે. જયારે સામાવાળા નં.ર ના વિ.વ.શ્રીએ આંક–૮ થી તેમનુ વકીલાતનામુ રજુ કરેલ છે પરંતુ ત્યારબાદ ઘણા સમય સુધી સામાવાળાઓ હાજર ન રહેતા તેઓના વાંધા જવાબનો હકક બંધ કરવામાં આવેલ.

(૩) ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૦ થી તેઓનુ પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે તથા અરજદારની આંક–૧૩ ની અરજી નીચે થયેલ હુકમ મુજબ સામાવાળા નં.૧ ની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે જયારે સામાવાળા નં.ર તરફે આંક–૧૪ ની

પુરસીસથી તેઓએ અરજદારની ઉલટ તપાસ કરવી નથી તથા આ કામે મૌખિક કે લ ેખિત દસ્તાવેજી પુરાવો રજુ કરવો ન હોવાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૫ થી પુરાવા બંધની પુરશીસ રજુ થયેલ છે તથા અરજદારની આંક–૧૬ ની અરજી નીચે થયેલ હુકમ મુજબ સામાવાળા નં.૧ નો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૭ થી સામાવાળા નં.ર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે વિ.વ.શ્રીએ આંક–૧ ની હકીકત મુજબની મૌખિક દલીલો કરેલ છે જયારે અરજદારની આંક–૧૮ ની અરજી નીચે થયેલ હુકમ મુજબ સામાવાળાઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કેસમાં રજુ થયેલ અરજી, મુળ વળતર અરજીનો હુકમ, કેસનું અસલ રેકર્ડ લક્ષમાં લેતાં, આ અદાલત સમક્ષ નીચે મુજબનો મુદો ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર આંક–૧ ની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(ર) શું આખરી હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓનાં મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(ર) આખરી હુકમ મુજબ.

## – : : કારણો : : –

(૬) અરજદારની અરજીના કથન પ્રમાણે અરજદારે નામદાર અદાલતમાં વ.કો.ફેટલ કેસ નં.૧ર/ર૦૧૯ દાખલ કરેલ જે કેસ નામદાર અદાલતે કરેલ હુકમ મુજબની રકમ સામાવાળાઓ ધ્વારા નામદાર અદાલતમાં સદર હુકમ મુજબની રકમ જમા કરાવેલ નથી કે આજદિન સુધી અરજદારને ચુકવેલ નથી.વધુમાં સામાવાળાઓ ધ્વારા સદર હુકમ સામે કોઈ અપીલ કરેલ નથી કે અરજદારને આજદિન સુધી અપીલની કોઈ નોટીસ બજેલ નથી. જેથી હાલની અરજી લાવી દાદ માંગેલ છે કે આંક–૧ ની અરજી પારા–ર માં જણાવ્યા મુજબની રકમ રૂા.૯,૩૦,૮૭૪/–આ કામના સામાવાળા ચુકવી

આપે તેવો હુકમ થવા વિકલ્પે રેવન્યુ રાહે વસુલાત કરવા સર્ટીફીકેટ કાઢી આપવા હુકમ થવા અરજ કરેલ છે.

(૭) આ કામે અરજદારની અરજી તથા પુરાવાના સોગંદનામાના કથનો તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા અને વ.કો.ફેટલ કેસ નં.૧૨/૨૦૧૯ નુ રેકર્ડ ધ્યાને લીધુ. તે કામે અરજદારે સામાવાળાને ત્યાં નોકરીની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતે મૃત્યુ થવા બદલ વળતર મેળવવા નામદાર અદાલતમાં વ.કો. ફેટલ કેસ નં.૧૨/૨૦૧૯ દાખલ કરેલ જે કેસમાં મારા પુરોગામીએ તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ નીચે મુજબનો હુકમ કરેલ છે.

**– : : આ ખ રી હુ ક મ : : –**

(૧) અરજદારોનો હાલનો વર્કમેન કોમ્પેન્સેશન ફેટલ કેસ નં.૧૨/૨૦૧૯ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારોને આ કામના સામાવાળા નં.૧–૨ નાઓ સંયુકત અને વિભકત રીતે ગુજરનાર મનસુખભાઈ નાથાભાઈ ચુડાસમાના અકસ્માત મૃત્યું પેટે વળતરની રકમ રૂા.૬,૯૦,૦૮૦/– (અંકે રૂપિયા છ લાખ નેવુ હજાર એંસી પુરાં) ચુકવી આપવા જવાબદાર થાય છે તેમ ઠરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના અરજદારો આ કામના સામાવાળા નં.૧–૨ નાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે વળતરની રકમ રૂા.૬,૯૦,૦૮૦/– (અંકે રૂપિયા છ લાખ નેવુ હજાર એંસી પુરાં) ઉપર વાર્ષિક ૯% મુજબ તા.૧૨/૦૭/૨૦૧૯ થી વસુલ થતા સુધી સાદુ વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૪) વધુમાં, વળતરની રકમ રૂા.૬,૯૦,૦૮૦/– ના ૧૦% લેખે રૂા.૬૯,૦૦૦/– (અંકે રુપીયા ઓગણસીતેર હજાર પુરાં) પેનલ્ટીની રકમ અરજદારોને સામાવાળા નં.૧ તથા નં.૨ નાઓ સંયુકત તથા વિભકત રીતે ચુકવી આપવા જવાબદાર થાય છે તેમ ઠરાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના સામાવાળા નં.૧–૨ નાએ વળતરની રકમ, વ્યાજની રકમ તથા પેનલ્ટીની રકમ વગેરેની તમામ રકમ હુકમની જાણ થયે દિન.૩૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) વધુમાં અરજી ખર્ચની રૂા.૧૦૦૦/– સામાવાળા નં.૧–૨ નાએ અલગથી અરજદારોને ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૩૦મી, માહે: નવેમ્બર, સને: ૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૩૦/૧૧/૨૦૨૧.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (સી.ડી.) લેબર કોર્ટ નં.૧,
જુનાગઢ. (૦૧૦૩૧)

(૮) આ કામે અરજદાર તરફે તેઓની આંક–૧ અરજી તથા તેના સમર્થનમાં રજુ થયેલ પુરાવાનું સોગંદનામું વંચાણે લેતા અરજદારે તેમાં આંક–૧ ની અરજીમાં જણાવેલ હકીકતો જણાવી સામાવાળાઓ પાસેથી અરજીમાં જણાવેલ વિગત મુજબની રકમ રૂા.૯,૩૦,૮૭૪/– નુ તેની સ્થાવર તથા જંગમ મિલ્કતોમાંથી વસુલ મેળવવા માટેનુ રીકવરી સર્ટીફીકેટ કાઢી જુનાગઢ કલેકટરશ્રીને રીકવરી માટે મોકલાવવા અરજ કરેલ છે. વધુમાં અત્રેની અદાલતના સી.ઓ.સી. એ કરેલ શેરો ઘ્યાને લેતા, વ.કો. ફેટલ કેસ નં.૧૨/૨૦૧૯ ના એવોર્ડ વિરૂઘ્ઘ રીટની કોઈ નોંઘ થયેલ નથી કે તે હુકમ મુજબ અદાલત સમક્ષ કોઈ રકમ જમા થયેલ નથી. વધુમાં આ કામે સામાવાળાઓ દ્વારા અરજદારે જણાવેલ હકીકતથી વિરૂઘ્ઘનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૯) આમ, રેકર્ડ પરની હકીકતો વંચાણે લેતા, વ.કો. ફેટલ કેસ નં.૧૨/૨૦૧૯ ના કામે તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ ફરમાવેલ આખરી હુકમ મુજબ વળતર, પેનલ્ટી, સાદુ વ્યાજ તથા ખર્ચની રકમ સામાવાળાએ આજદીન સુધી નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી કે અરજદારને ચુકવેલ નથી કે સામાવાળાએ સદર હુકમ સામે નામદાર વડી અદાલતમાં કોઈ અપીલ કરી સ્ટે મેળવેલ હોવાનું રેકર્ડ પર જણાતુ નથી તેમજ અત્રેની અદાલતના સી.ઓ.સી.એ કરેલ શેરા અનુસાર સદર હુકમ મુજબ સામાવાળાએ આ અદાલતમાં વળતર, વ્યાજ કે પેનલ્ટીની કોઈ રકમ જમા કરાવેલ નથી કે તે હુકમ વિરૂઘ્ઘ અપીલની કોઈ રીટ આવેલ નથી. વધુમાં સામાવાળાઓ તરફે અત્રેની અદાલતમાં હાજર થઈ કોઈ વાંધા જવાબ કે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતે તથા રેકર્ડ પર રજુ થયેલ પુરાવા અન્વયે અરજદાર તરફે તેઓની આંક–૧ ની મુખ્ય અરજીમાં જણાવેલ ગણતરી મુજબ આ કામનાં સામાવાળા માલીક પાસેથી વળતરની રકમ રૂા.૬,૯૦,૦૮૦/–, તા.૧૨/૦૭/૨૦૧૯ થી તા.૧૧/૪/૨૦૨૨ સુધી વાર્ષિક ૯% લેખે વ્યાજની રકમ રૂા.૧,૭૦,૭૯૪/–, વળતરની રકમના ૧૦% પેનલ્ટીની રકમ રૂા.૬૯,૦૦૦/– તથા ખર્ચના રૂા.૧,૦૦૦/– એમ કુલ મળી **રૂા.૯,૩૦,૮૭૪/–(અંકે રૂપીયા**

**નવ લાખ ત્રીસ હજાર આઠસો ચુંમોતેર પુરા)** કાયદેસર વસુલ મેળવવા હકકદાર બનતા હોવાનું ઠરાવવામાં આવે છે અને તે રીતે **મુદા નં.૧** નો જવાબ ''**હકાર**''માં આપી, મુદા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -::આખરી હુકમ::-

(૧) અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(ર) વ.કો.ફેટલ કેસ નં.૧ર/ર૦૧૯ ના કામે તા.૩૦/૧૧/ર૦ર૧ ના રોજ ફરમાવેલ આખરી હુકમ મુજબ અરજદાર આ કામનાં સામાવાળાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે વળતરની રકમ રૂા.૬,૯૦,૦૮૦/- તથા તા.૧ર/૦૭/ર૦૧૯ થી તા.૧૧/૦૪/ર૦રર સુધીના માસના ૯% લેખે વ્યાજની રકમ રૂા.૧,૭૦,૭૯૪/- તથા વળતરની રકમના ૧૦% પેનલ્ટીની રકમ રૂા.૬૯,૦૦૦/- તથા ખર્ચના રૂા.૧,૦૦૦/-એમ કુલ **રૂા.૯,૩૦,૮૭૪/- (અંકે રૂપીયા નવ લાખ ત્રીસ હજાર આઠસો ચુંમોતેર પુરા)** મેળવવા હકકદાર બનતા હોઈ, જેથી સદરહું રકમ રેવન્યુ રાહે વસુલ કરવા માટેનું રીકવરી સર્ટીફીકેટ સામાવાળા નં.૧ ઉમરભાઈ અલ્લારખાભાઈ હાલા, રહે.ચોબારી ઠે.મસ્જીદની પાછળ, તા.જી. જુનાગઢ તથા સામાવાળા નં.ર કાન્તીભાઈ મોહનભાઈ દેસાઈ, રહે. ઝાઝરડા રોડ, ઠે. જુના પ્લોટમાં, જય નાગણશા પીરની દરગાહ પાસે, તા.જી.જુનાગઢના નામનું ઈસ્યુ કરી, સંબંધીત કલેકટરશ્રી, રીકવરી શાખા, જુનાગઢ તરફ વસુલાત અર્થે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) કેસના સંજોગો જોતા ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તારીખ: ૧રમી, માહે: ઓગષ્ટ સને: ર૦રર ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૧ર/૦૮/ર૦રર

**(નાગદાનભાઈ કે. ડાભી)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (સી.ડી.) લેબર કોર્ટ,
જુનાગઢ. (જીજે.૦૧૦૩૦)